PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૨/કવા–૦૧/૧૭–૧૮/ ૪૦૬૪ તા. ૧૬/૦૫/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી અશોકભાઈ નરશીભાઈ સરધારા,
૩૦૨ – શ્રીજી દર્શન ફ્લેટ,
શ્રી રામ પાર્ક– શેરી નં.–૧૧,,
બાલાજી હોલની પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
રાજકોટ
મો: ૯૭૨૭૬ ૪૭૪૪૮, ૯૯૨૪૫ ૫૦૪૨૮

વિષય :–નવા ખેત જોડાણ ને શીફટીંગ સાથે ચાલુ કરવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૫–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૨/કવા–૦૧/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–૮)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ)
...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૩૨/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૬–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: શ્રી અશોકભાઈ નરશીભાઈ સરધારા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

**રજુઆત કરનાર :એન.પી.શાહ (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેત જોડાણ ને શીફ્ટીગ સાથે ચાલુ કરવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ: છતર ( તાલુકા : કાલાવડ) ના ખેતીવાડી સર્વે નંબર : ૧૩૦ મા, તેઓ શ્રી ના પિતાશ્રી નરશીભાઈ ભુરાભાઈ સરધારા ની, અગાઉ તા.૨૦–૦૬–૦૭ ના રોજ ની અરજી નોંધાયેલ હતી. પરંતુ, મુળ અરજદાર શ્રી ને તેઓ શ્રી ના પિતાશ્રી નરશીભાઈ ભુરાભાઈ સરધારા નુ, તા.૨૬–૦૪–૧૫ ના રોજ અવસાન થયેલ હતુ. જેના તમામ દસ્તાવેજીક પેપર્સ,જે તે સમયે, તેઓ શ્રી એ, પીજીવીસીએલ ની સબંઘક કચેરી મા રજુ કરી આપી, અને તે મુજબ, તેઓ શ્રી ના મૃત પિતાશ્રી નરશીભાઈ રૂડાભાઈ સરધારા ની તા.૨૦–૦૬–૦૭ ના રોજ ની અરજી, જે તેઓ શ્રી ના સીઘીલીટી ના વારસદાર અને પુત્ર ના નામે, નામ બદલી સાથે, સીઘીલીટી ના વારસદાર અને પુત્ર ને મળેલ એવી વારસાઈ હકક ની જમીન પર શીફ્ટીગ કરી, અને તે મુજબ ની મંજુરી નુ ભાવપત્રક આપવાની કાર્યવાહી, આજદિન સુધી પીજીવીસીએલ દ્વારા કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ગામ: છતર ( તાલુકા : કાલાવડ) ના ખેતીવાડી સર્વે નંબર : ૧૩૦ મા, તેઓ શ્રી ના પિતાશ્રી નરશીભાઈ ભુરાભાઈ સરધારા ની, અગાઉ તા.૨૦–૦૬–૦૭ ના રોજ ની અરજી મંજુર થતા, મંજુરી અન્વયે નુ ભાવપત્રક, જે મુળ અરજદાર ના નામે તા.૦૩–૦૯–૧૫ ના રોજ અપાયેલ હતુ. પરંતુ, આ સમયગાળા દરમ્યાન અરજદાર શ્રી ના પિતાશ્રી નરશીભાઈ ભુરાભાઈ સરધારા નુ અવસાન થયેલ હોય, સદર જોડાણ ના ભાવપત્રક મા, નામ બદલી મેળવવા માટે ૦૩ માસ ની મુદત વધારાની માંગણી કરાયેલ હતી, તેમજ ફરીયાદી અરજદાર શ્રી અશોકભાઈ નરશીભાઈ સરધારા એ, તેમના સ્વ. પિતાશ્રી ના નામની મંજુર કરાયેલ સદર અરજી મા નામ બદલી મેળવવા માટે ની વિઘીસર ની અરજી, જે જરૂરી એવા તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે, પીજીવીસીએલ મા રજુ કરેલ હતી. પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી અશોકભાઈ નરશીભાઈ સરધારા ની સદર નામ બદલી ની અરજી મંજુર કરી, અને અરજદાર શ્રી ને તા.૧૩–૦૫–૧૭ ના રોજ નામ બદલી મંજુરી અન્વયે નુ, નવુ ભાવપત્રક, જેતા.૧૩–૦૫–૧૭ ના રોજ અરજદાર શ્રી ને અપાયેલ છે. આ નામ બદલી ની મંજુરી ની પ્રક્રીયા, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને તેઓ શ્રી ના તા.૧૫–૦૫–૧૭ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી દ્વારા નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **<u>૩.૧</u>** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, ખાસ કરીને, તેઓ શ્રી ના સ્વ. પિતાશ્રી ના નામે મંજુર કરાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ મા, વારસાઈ હકકના રૂએ, '' સ્વ. પિતાશ્રી નરશીભાઈ ભુરાભાઈ સરધારા ના નામ પરથી, ફરીયાદી અરજદાર શ્રી અશોકભાઈ નરશીભાઈ સરધારા ના નામ પર નામ બદલી '' ની મંજુરી ની તમામ પ્રક્રીયાઓ, જે નવા મંજુર કરાયેલ ના મુજબ ના ભાવપત્રક, જે તા.૧૩-૦૫-૧૭ ના રોજ આપી, અને તે મુજબ, નામ બદલી ની મંજુરી ની પ્રક્રીયા, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ અને અરજદાર શ્રી ના તા.૧૫-૦૫-૧૭ ના રોજ ના લેખીત સંમંતીપત્ર હેઠળ સંપન્ન થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**<u>મુદદા નં.-૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ , અરજદાર શ્રી ના તા.૧૫-૦૫-૧૭ ના રોજ ના લેખીત સંમંતીપત્ર હેઠળ,પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**<u>નોંધ</u> જો** સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **<u>સદર નિર્ણય</u>** સામે, નિર્ણયપત્ર મળ્યા **પછીનાં ૩૦ દિવસની અંદર,** **''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી,** બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.